
# વિધાનસભા પૂર્વ અધ્યક્ષ રમણલાલ વોરાને લખનૌ વિધાનસભા બેઠકની જવાબદારી

બાયડ ,તા.૧૭

ભારતીય જનતા પાર્ટી દ્વારા ઉત્તરપ્રદેશ માં આગામી સમયમાં યોજાનારી વિધાનસભાની તમામ બેઠકો જીતવા માટે ખાસ રણનીતિ ગોઠવી દેવાઈ છે.પક્ષના મોવડી મંડળ દ્વારા વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ અને ઈડરના પૂર્વ ધારાસભ્ય રમણલાલ વોરાને લખનૌ વિધાન સભા બેઠકો જીતવા માટે ઈન્ચાર્જ ની મહત્વની જવાબદારી સોંપવામાં આવતા પક્ષના કાર્યકરોમાં આનંદ છવાયો છે. વિધાનસભાની ચૂંટણીનું બ્યુગલ ફૂકાઈ ગયું છે.દેશમાં સૌથી વધુ ઉત્તર પ્રદેશની બેઠકો જાળવી રાખવાની સાથે વધુ



જનમત મેળવવા માટે ભાજપા દ્વારા ચુંટણી ના ચાણક્ય ગણાતા નેતાઓને ચૂંટણી ની કમાન સોંપવામાં આવી છે.જેમાં ગુજરાત વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ રમણ લાલ વોરાને લખનૌ જિલ્લાની વિધાનસભા બેઠકો માટે ચૂંટણી ઈન્ચાર્જ બનાવાયા છે.દેશમાં બદલાતા રાજકીય પ્રવાહો ઉપર સતત નજર રાખી રાજકીય કારકિર્દીમાં શ્રેષ્ઠ રણનીતિકાર ગણાતા પૂર્વ અધ્યક્ષ ને યુપી વિધાન સભા ચુંટણી સંદર્ભે અપાયેલ જવાબદારીમાં તેઓ સફળ થશે તેવો આશાવાદ તેમના ટેકેદારો દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો છે.




ઉત્તર ગુજરાત વીજ કં. લી. ની રણાસણ કચેરી દ્વારા 'વીજ બચત સપ્તાહ' કાર્યક્રમ અંતર્ગત રણાસણ ગામની શ્રી સી. વી.ગાંધી હાઈસ્કુલ ખાતે ચિત્ર તથા નિબંધ સ્પર્ધા રાખવામાં આવેલ. જેમાં હાઈસ્કુલ નાં કુલ ૭૫ બાળકો દ્વારા ભાગ લીધેલ. જે પૈકી પ્રથમ ત્રણ બાળકોને ઈનામ સાથે પ્રમાણપત્ર તથા ભાગ લેનાર દરેક બાળકોને પ્રમાણપત્ર સાથે પ્રોત્સાહિત ઈનામ આપવામાં આવ્યું. સદર કાર્યક્રમ નું આયોજન રણાસણ કચેરીના નાયબ ઈજનેર આર. વી.ઓડ તથા તેમનાં સ્ટાફ દ્વારા કરવામાં આવ્યું તથા સદર કાર્યક્રમ ને સફળ બનાવવામાં શ્રી સી. વી.ગાંધી હાઈસ્કુલના આચાર્યશ્રી અને તેમના સ્ટાફનો પણ સહકાર મળ્યો હતો.

# જિલ્લામાં ઠંડીની તીવ્રતાથી વાતાવરણ ઠંડુગાર : સૂસવાટા મારતા પવને જન જીવન બાનમાં લીધું

બાયડ, તા.૧૭
સાબરકાંઠા અરવલ્લી





જિલ્લામાં બે દિવસથી હવામાન વિભાગની આગાહી મુજબ ઠંડીની તીવ્રતામાં વધારો થયો છે.શુક્રવારે સવારે કડકડતી ઠંડી સાથે સૂસવાટા મારતા પવનથી જનજીવન ધ્રુજી ઉઠ્યું હતું.તાપમાનનો પારો ગગડતાં વાતાવરણ ઠંડુગાર થઈ ગયું છે. ઉત્તર ભારતમાં હિમવર્ષા ની જીલ્લાના વાતાવરણમાં અસર થતાં હજુ ઠંડીની તીવ્રતામાં વધારો થવાની સંભાવના વ્યક્ત થઈ છે. જિલ્લા સહિત સમગ્રઉત્તર ગુજરતમાંશીતલહેર નુંમોજુંફરી વળ્યુ છે.તાપમાનનો પારોનીચોગયોછેજેના કારણે બર્ફીલા વાતાવરણ થી જનજીવન પ્રભાવીત થયું છે.છેલ્લા બે દિવસથી ઠંડીનું જોર વધ્યું છે.ઠંડીથી બચવા માટે લોકો ઠેર ઠેર તાપણાં નો સહારો લેતા જોવા મળી રહ્યા છે.હજુ ત્રણ દિવસ જિલ્લા સહિત ઉત્તર ગુજરાતમાં હાડ થીજવતી ઠંડી ધ્રુજાવી શકે તેવી આગાહી હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.તા. ૧૭ ના રોજ કાતિલ ઠંડી ના સપાટા સાથે ઠંડાગાર પવન ફુંકાતા જનજીવન ધ્રુજી ઉઠ્યું છે. જિલ્લાના સરહદી વિસ્તારોમાં તાપમાનનો પારો હજુ ગગડવાની સંભાવના છે. હવામાન માં સતત બદલાવ વચ્ચે હવે શિયાળો તેના અસલી મિજાજમાં આવી જતાં શીતલહેર નું મોજું હાવી થયું છે.

## અજબ પ્રેમની ગજબની કહાની

# સોશિયલ મિડીયાના માધ્યમથી પાંગરેલો પ્રેમ છત્તીસગઢની છોકરી અરવલ્લી પહોંચી

**અરવલ્લીની ૧૮૧ અભયમ હેલ્પ લાઇનની મદદથી છત્તીસગઢની દિકરીને હેમખેમ ઘરે મોકલાઇ : યુવાનોના માતા-પિતા ની આંખ ઉઘાડતો વધુ કિસ્સો**

બાયડ તા.૧૭

મોબાઈલ અને સોશિયલ મિડીયાનું ઘેલુ આજના યુવાપેઢીને એટલી લાગ્યું છે કે કારકિર્દી નિર્માણના ઉજળી તક ખોઇ પ્રેમની વાટ પકડી છે અને આ બધી બાબતોથી માતા-પિતા સાવ અજાણ હોય છે જે ભારે મુશ્કેલી સર્જી શકે છે તેવો આંખ ઉઘાડતો કિસ્સો અરવલ્લી જિલ્લામાં સામે આવ્યો છે.

વાત છે મેઘરજ તાલુકાના એક ગામનો ધોરણ-૧૨માં અભ્યાસ કરતો ૧૭ વર્ષનો છોકરો અને છત્તીસગઢની ૧૮ વર્ષની છોકરી મોબાઈલમાં ઈનસ્ટાગ્રામના માધ્યમથી એકબીજાના સંપર્કમાં આવ્યા અને ધીમે ધીમે પરીચય એટલો ગાઢ બન્યો કે ચાર મહિના સુધી એકબીજા સાથે વાત કરતા રહ્યા, પ્રેમમાં અંધ બનેલા બન્ને એકબીજા સાથે લગ્ન કરવાનો પણ નિર્ણય કરી નાંખ્યો ને છોકરીને છતીસગઢથી છેક અરવલ્લીના ગામ સુધી બોલાવી લીધી.

અચાનક ઘરે આવેલી છોકરીને જોઇને દિકરાના પરીવારજનોએ પુછપરછ કરતા જાણવા મળ્યુ કે તે છત્તીસગઢથી આવી છે. શરૂઆતમાં છોકરાના મા-બાપ દ્વારા સમજાવવાનો પ્રયાસ કર્યો પણ લગ્ન કરવાના ઈરાદે આવેલી છોકરી મક્કમ જ રહી આખરે છોકરના મા-બાપે ૧૮૧ અભયમ્ર હેલ્પલાઈન પર ફોન કરી મદદ માંગી

જેમાં અભયમ્ર ટીમના કાઉન્સેલર ચૌધરી ચેતના કોન્સ્ટેબલ ભાવના બેન ટીમ સાથે



રાત્રે ૧૧:૧૮ વાગે મેઘરજના ગામમાં પહોચીને છોકરી-છોકરાનું કાઉન્સેલર હાથ ધર્યુ તો જાણવા મળ્યુ કે છોકરી ઘરેથી કોઈને કહ્યા વગર અને છોકરા જોડે હવે લગ્ન જ કરવા નીકળી ગઈ હતી અને ઘરે નથી જવુ તેવી જીદ પકડીને બેઠી હતી તો સામે છોકરો પણ લગ્ન કરવા જીદ પકડીને બેઠો હતો. છોકરી સાથે વાત કરતા કહ્યુ કે છોકરાએ મને લોકેશન શેર કર્યુ હતુ એ લોકેશન આધારે અહિયા સુધી આવી પોહચી છોકરો મને બહુ જ પ્રેમ કરે છે અને મને મહારાણીની જેમ રાખશે ફરવા લઈ જશે એવા સ્વપ્નો બતાવેલા જેને લીધે છેક અહિ સુધી આવી છું.

૧૮૧ અભયમ્ર ટીમ દ્વારા છોકરીને એક કલાક સુધી કાઉન્સેલીંગ કર્યુ ત્યારે તેને પોતાના ઘર-પરીવાર વિષે જણાવ્યું અને સમજાવતા તે ઘરે જવા તૈયારી દર્શાવી અને છોકરાના પરિવારને આગળ કોઇ કાર્યવાહિ કરવી ન હોતી અને સુરક્ષિત ઘરે પંહોચાડવી હતી. એટલે છોકરીને સહિ સલામત પોહચાડવાની જવાબદારી લઈને તાત્કાલીક છોકરીને રાત્રે જ ઘરે છત્તીસગઢ મુકવા જવા માટે ટીમ રવાના થઈને ઘરે પંહોચાડી.

આ કિસ્સા પર વાલીઓ પણ ચિંતા કરવાની સાથે તકેદારી રાખવા જેવી છે કે બાળકોને ઓનલાઈન શિક્ષણ માટે જે મોબાઈલ લઈ આપ્યો છે તેમાં બાળકો સોશિયલ મીડિયાનો કઈ કઈ એપ્લીકેશનનો ઉપયોગ કરે છે અને તેમનુ મિત્રવર્તૂળ કોણ કોણ છે તે ખરેખર જાણવુ જરૂરી છે. વાલીઓ માટે આ એક આંખ ઉઘાડતો કિસ્સો છે.

# જનરલ હોસ્પિટલ પાલનપુર ખાતે કોરોના ઓમિક્રોન વેરિયન્ટની સારવાર માટે ૪૨ બેડનો વોર્ડ તૈયાર કરાયો

પાલનપુર તા. ૧૭

કોરોના અને ઓમિક્રોન ના વધતા જતા કેસો ને લઈને વહીવટી તંત્ર સજાક બન્યું છે દર્દીઓ ને તાત્કાલિક સારવાર મળી રહે તે માટે તૈયારીઓ કરી દેવામાં આવી છે જેમાં બનાસકાંઠામાં જનરલ હોસ્પિટલ પાલનપુર ખાતે ૪૨ બેડ નો વોડ તૈયાર કરવામાં આવ્યો છે જેમાં ૩૦ ઓક્સિજન જોડાણ સાથેના બેડ ઓમિક્રોન માટે ફાળવવામાં આવ્યો છે. રાજ્યમાં કોરોના ની બીજી લહેર બાદ ફરી કોરોના ની સાથે સાથે



ઓમિક્રોન ના કેસોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે ત્યારે દર્દી ઓ ને તાત્કાલિક સારવાર મળી રહે તેમાટે અગમ્યચેતી ના ભાગ રૂપે તમામ સવલતો મળી રહે તેમાટે સરકાર દ્વારા આરોગ્ય વિભાગને સૂચનાઓ આપી દેવામાં આવી છે જેમાં બનાસકાંઠામાં ગલબા ભાઈ નાનજી ભાઈ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત જનરલ હોસ્પિટલ પાલનપુર ખાતે ૪૨ બેડ નો વોડ શરૂ કરવામાં આવ્યો છે જેમાં ૩૦ ઓક્સિજન જોડાણ સાથે બેડ ઓમિક્રોન માટે ફાળવવા મા આવ્યા છે જેમાં દર્દીઓ ને તાત્કાલિક સારવાર મળી રહે તેમાટે ૪૦ વેન્ટીલેટર ૧૨૦ મોનીટર ૪૦૦ હુમીડિ ફાયર ૫૦ ઑક્સિજન ભરેલ જમ્બો સિલેન્ડર ૬૫૭ ઓક્સિજન બેડસાથેનું કલેકશન ૧૫ ઈ સી જી મશીન ૬ એક્ષરે મશીન ઓક્સિજન ટેક્ર સહિત ની તમામ સુવિધાઓ ની તૈયારી કરી દેવા માં આવી છે. તેમ પાલનપુર ના સિવિલ હોસ્પિટલના ચીફ ડોક્ટર સુનિલભાઈ જોશીએ એક મુલાકાતમાં જણાવ્યું હતું.

# સારસ્વત હાઈસ્કૂલ બાયડનાં દિવંગત કર્મચારીની પુણ્યતિથિ નિમિત્તો તિથી ભોજન અપાયું



બાયડ તા.૧૭

સારસ્વત હાઈસ્કૂલના બાયડના હેડ ક્લાર્ક શ્રી હિમાંશુભાઈ.એન.ત્રિવેદી નું ગત વર્ષે ૧૭ ડિસેમ્બરના રોજ અકાળે અવસાન થતાં શાળા સંચાલક મંડળ અને શાળાની વહીવટી કરોડરજ્જુ તેવા શ્રી હિમાંશુભાઈ ની શાળા પરિવારને ખૂબ મોટી ખોટ પડી હતી. જન્મ અને મરણ સંસારનો નિયમ છે. તેમ મન મનાવી તેમને ભારે હૈયે અંતિમ વિદાય આપી હતી.આજ રોજ તેમની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે હિમાંશુભાઈ ના સ્વર્ગસ્થ ના ધર્મ પત્ની ચેતનાબેન ના પરિવારે શાળાના વિદ્યાર્થીઓને તિથિ ભોજન આપવાની અગાઉથી જાહેરાત કરી હતી. આજરોજ સારસ્વત હાઈસ્કૂલ અને નવયુગ વિદ્યાલય ના ૬૦૦ વિદ્યાર્થીઓને તિથિ ભોજન આપવામાં આવ્યું હતું શાળા સંચાલક મંડળ અને શાળા પરિવાર અને વિદ્યાર્થીઓ હિમાંશુભાઈ ના આત્માને શાંતિ માટે શ્રદ્ધાંજલિ અર્પી હતી.

# મતગણતરી કેન્દ્રો તથા આજુબાજુની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં વાહનો સાથે આવવા પર પ્રતિબંધ

બાયડ તા.૧૭

ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા ગ્રામ પંચાયત ચૂંટણી ડિસેમ્બર-૨૦૨૧નો ચૂંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે. તે મુજબ અરવલ્લી જીલ્લાની કુલ ૨૩૧ ગ્રામ પંચાયતો પર ચૂંટણી યોજાનાર છે. અને તે ગ્રામ પંચાયત ચૂંટણીનું મતદાન તા.૧૯ ડિસેમ્બર ૨૦૨૧ન રોજ સવારના ૦૭.૦૦ વાગ્યાથી સાંજના ૦૬.૦૦ કલાક સુધી યોજાનાર છે. તેમજ જો પુનઃ મતદાન યોજવાનું થાય તો તેની તા.૨૦ ડિસેમ્બર ૨૦૨૧ તથા મત ગણતરી તા.૨૧ ડિસેમ્બર ૨૦૨૧ ના રોજ હાથ ધરાનાર છે. મતગણતરી ના દિવસે સવારે ૦૭.૦૦ કલાક થી મતગણતરી પૂરી ન થાય ત્યાં સુધી મત ગણતરીની પ્રક્રિયામાં કોઈ ખલેલ ન પહોંચે. મુક્ત ન્યાયી અને નિષ્પક્ષ રીતે મત ગણતરી થઇ શકે તે માટે કાયદો ને વ્યવસ્થા જાળવવી ખુબ જ જરૂરી હોઈ માટે મત ગણતરી કેન્દ્રની અંદર તથા મત ગણતરી કેન્દ્રની આજુબાજુના વિસ્તારમાં અમુક કૃત્યો પર પ્રતિબંધ ફરમાવા જરૂરી છે.

જેથી અરવલ્લી જીલ્લા કલેકટરશ્રી નરેન્દ્રકુમાર મીનાને ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪ ની મળેલ સત્તાની રૂ એ અર્વલી જીલ્લાનાં જે તે તાલુકાના મત ગણતરી કેન્દ્રો તથા તેની આજુબાજુ ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં તા.૨૧ ડિસેમ્બર ૨૦૨૧ ના રોજ સવારના ૦૭.૦૦ કલાકથી મત ગણતરીની કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવી.

**અરવલ્લી જીલ્લાના કોઈપણ વ્યક્તિ વીજાણું સંદેશા વ્યવહારના સાધનો લઇ જઈ શકશે નહિ કે તેનો ઉપયોગ પણ કરી શકશે નહિ**

૧. મતગણતરી કેન્દ્ર ઉપર કે તેની ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં કોઈપણ વ્યક્તિ મોબાઈલ ફોન, સેલ્યુલર ફોન, પેજર, કાર્ડલેસ, વાયરલેસ સેટ કે અન્ય વીજાણું સંદેશા વ્યવહારના સાધનો લઈ જઈ શકશે નહિ કે તેનો ઉપયોગ પણ કરી શકશે નહિ.

૨. મતગણતરી કેન્દ્રોમાં કે તેની આજુબાજુ ૧૦૦ મીટરની ત્રિજ્યામાં કોઈપણ વ્યક્તિ વાહનો સાથે આવી શકશે નહિ.

૩. મતગણતરી કેન્દ્રોમાં ઉમેદવાર, ઉમેદવારના ચૂંટણી એજન્ટ/મતગણતરી એજન્ટ, મતગણતરીની કામગીરી સાથે સંકળાયેલ અધિકારીશ્રી/કર્મચારીશ્રી તથા ચૂંટણી પંચે અધિકૃત કરેલ વ્યક્તિ સિવાયની વ્યક્તિ પ્રવેશ કરી શકશે નહિ.

૪. મતગણતરી કેન્દ્રોમાં કોઈપણ વ્યક્તિ ગ્રામ પંચાયત ચૂંટણીના પક્ષના પ્રતીકો કે ઉમેદવારોના પ્રતીકો કે કોઈ નિશાનીઓ લાવી શકશે નહિ.

આ હુકમમાં નીચે મુજબના અપવાદ છે.

૧. રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા નિમાયેલા નિરીક્ષકશ્રી, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, ચૂંટણી અધિકારીશ્રી, મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી,વધારાના ચૂંટણી અધિકારીશ્રી/મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી મુ.નં.(૧)માં જણાવેલ ઉપકરણ સાઈલન્ટ મોડમાં રાખવાનું રહેશે.

૨. કાયદો અને વ્યવસ્થાના ઈન્ચાર્જ અધિકારીઓ તથા સુરક્ષા કર્મચારીઓ સલામતીની દ્રષ્ટિએ જરૂરી હોય તેવા મુ.નં.(૧)માં જણાવેલ ઉપકરણ મતગણતરી કેન્દ્રો સુધી લઈ જઈ શકશે. પરંતુ મતગણતરી હોલમાં આવું કોઈ ઉપકરણ લઈ જઈ શકાશે નહિ.

૩. અધિક જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી/ચૂંટણી અધિકારીશ્રી દ્વારા વાહન પરમીટ આપેલ વાહનો મતગણતરી કેન્દ્રોના પોર્ચ સુધીમાં લાવી શકાશે.

૪. મતગણતરી માટે નિમણુંક આપેલ અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓને લઈને આવતું વાહન પાર્કિંગ એરિયા સુધી લાવી શકાશે.

૫. ઉમેદવાર ઉમેદવારના ચૂંટણી એજન્ટ/મત ગણતરી એજન્ટ પોતાનું વાહન ચૂંટણી અધિકારીશ્રીએ નક્કી કરેલ એરિયા સુધી જ લાવી શકાશે.

આ આદેશનો ભંગ કરી જો કોઈ વ્યક્તિ પાસે મોબાઈલ ફોન, સેલ્યુલર ફોન, પેજર, કાર્ડલેસ ફોન, વાયરલેસ સેટ કે અન્ય વીજાણું સંદેશા વ્યવહારના સાધનો મળી આવશે તો અથવા પ્રતિબંધિત વિસ્તારમાં કોઈ વાહન પ્રવેશ કરશે તો સ્થળ પરના સુરક્ષા અધિકારીશ્રી/કર્મચારીશ્રી આવું સાધન/વાહન જપ્ત કરી શકશે.

અ હુકમનો ભંગ કરનાર ઉલ્લંઘન કરનાર ભારતીય દંડ સહિંતા,૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ તથા લાગુ પડતા અન્ય કાયદાઓની જોગવાઈઓ મુજબની સજાને પાત્ર થશે.

# ડીસામાં ગાળો બોલવાની ના પાડતા હથિયારો વડે હુમલો

## પાંચ વિરુદ્ધ પોલીસ ફરીયાદ દાખલ

ડીસા, તા. ૧૭

ડીસાના બેકરી કુવા વિસ્તારમાં કેટલાક ઈસમો જાહેરમાં ગાળો બોલતા હોઈ નજીકમાં રહેતી એક પરિવારની મહિલાએ ગાળો બોલવાની ના પાડતા આ ઈસમો ઉશ્કેરાઇ ગયેલા અને હથિયાર સાથે મહિલાના ઘર ઉપર હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપતા આ મામલે મહિલાએ ડીસા દક્ષિણ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. આ અંગેની ફરિયાદની વિગતો જોતા ડીસાના બેકરી કુવા વ્હોળા વિસ્તારમાં રહેતા ભાવનાબેન વાઘાજી ઠાકોર ગત રોજ ગુરુવારે પોતાના ઘર આગળ પરિવાર સાથે બેઠા હતા. તે દરમિયાન મહેશ શામળભાઈ લુહાર ,પ્રકાશ અમરતભાઈ રાવળ,અરવિંદ માલાભાઈ રાવળ, નરેશ ગોસ્વામી તેમજ અજય ઠાકોર જાહેરમાં ગાળો બોલતા હતા. જોકે ભાવનાબેને આ તમામને ગાળો બોલવાની ના પાડતા આ ઈસમો ત્યાંથી જતા રહેલા અને થોડા સમય બાદ હાથમાં છરા સહિતના હથિયાર લઈ આવેલા જોકે આ તમામ ઈસમોને હથિયાર લઈ આવતા જોઈ ડરના માર્યા દરવાજો બન્ધ કરી પરિવારજનો ઘરમાં જતા રહેલા. તેમ છતાં આ ઈસમોએ ભાવનાબેનના ઘરના દરવાજા ઉપર હથિયારો વડે ઘા કરેલા. તે દરમિયાન ભાવનાબેને બુમો પાડતા આસપાસના લોકો દોડી આવ્યા હતા. જેથી આ તમામ ઈસમો ચાલ્યા ગયા હતા જોકે જતા જતા તેમણે ભાવનાબેનને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ બાબતે ભાવનાબેને ડીસા દક્ષિણ પોલીસ મથકે મહેશ શામળભાઈ લુહાર ,પ્રકાશ અમરતભાઈ રાવળ,અરવિંદ માલાભાઈ રાવળ, નરેશ ગોસ્વામી તેમજ અજય ઠાકોર વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલિસે વિવિધ કલમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સરડોઈના શિક્ષકની સંગીત તજજ્ઞ તરીકે પસંદગી થઈ...

સરડોઈ,તા ૧૭



મોડાસા તાલુકાના સરડોઈના વતની અને ખેડા જિલ્લાના કપડવંજની કસરજીના મુવાડા (અલવા) પ્રા.શાળાના શિક્ષક સંજય .કે નાયક ( રહે. શિવમ્ પાર્ક , બાયડ) ની સ્ટેટ રિસર્ચ ગ્રુપ ગાંધીનગર માં સંગીત તજજ્ઞ તરીકે પસંદગી થતાં શાળા પરિવાર માં આનંદ છવાયો છે. શિક્ષણ સાથે સંગીત માં આગવી રૂચિ ધરાવતા શિક્ષકની જી.સી.ઈ.આર. ટી દ્વારા રાજ્ય કક્ષાએ નોંધ લઈ સ્ટેટ રિસર્ચ ગ્રુપમાં સ્થાન અપાતાં મિત્રો અને શુભેચ્છકો એ અભિનંદન પાઠવ્યા છે.

# અરવલ્લી જીલ્લામાં ચૂંટણીમાં ખોટા સંદેશા વ્યવહારના લોકોમાં આપલેને લઈને પ્રતિબંધ

બાયડ તા.૧૭

ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા ગ્રામ પંચાયત ચૂંટણી ડિસેમ્બર -૨૦૨૧નો ચુનાતાની કાર્યક્રમ જાહેર થયેલ છે. તે મુજબ અરવલ્લી જીલ્લાની કુલ ૨૩૧ ગ્રામ પંચાયતો ઉપર ચૂંટણી યોજાનાર છે, અને તે ગ્રામ પંચાયત ચૂંટણી મતદાન તા.૧૯ ડિસેમ્બર ૨૦૨૧ના રોજ સવારના ૦૭.૦૦ વાગ્યાથી સાંજના ૦૬.૦૦ કલાક સુધી યોજાનાર છે.તેમજ જો પુન; મતદાન યોજવાનું થાય તો તેની તા.૨૦ ડિસેમ્બર ૨૦૨૧ તથા મત ગણતરી ૨૧ ડિસેમ્બર ૨૦૨૧ ના રોજ હાથ પર ધરનાર છે. અગાઉની ચૂંટણીનીઓમાં કેટલાક વાંધાજનક એસ.એમ.એસ (ટૂંકા સંદેશ સેવા) એમ.એમ.એસ. સોશિયલ મીડિયા તથા સંદેશા વ્યવહારના અન્ય સાધનો થકી ચૂંટણી પ્રક્રિયાને દુષિત કરવાની કેટલાક લોકો દ્વારા પ્રયાસ થયાનો અનુભવ પરથી જણાયેલ છે. સ્થાનિક સ્વરાજની સંસ્થાની આગામી ચૂંટણીઓમાં સ્થાપિત હિતો ધરાવતા ઈસમો દ્વારા આવો દુરઉપયોગ કરવામાં આવે તેવી શક્યતા રહેલી છે. આવા કૃત્યોના લીધે ચૂંટણીના કાયદાની જોગવાઈઓ આદર્શ આચાર સહિતા તથા રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા બહાર પાડવામાં આવેલ આદેશો/સુચનાઓનો ભંગ થાય છે. આવા અનિચ્છનીય કૃત્યોથી મુકર્ત ન્યાયી અને શાંતિપૂર્ણ ચૂંટણી પ્રક્રિયા દુષિત થવાની સંભાવના હોઈ આવી પ્રવૃતિઓ તાત્કાલિક અટકાવવી આવશ્યક છે. આ ઉપરાંત ચૂંટણી સંદર્ભમાં શાંત વાતાવરણ ડહોળાઈ જાય તેવા બદઈરાદાથી તેમજ કોમ કે ધર્મ કે જ્ઞાતિ વચ્ચે સંઘર્ષ ઉભો કરવાના હેતુથી કેટલાક ઈસમો ઉશ્કેરણીજનક એસ.એમ.એસ., એમ.એમ.એસ. સોશિયલ મીડિયા તથા સંદેશા વ્યવહારના અન્ય સાધનોનો ઉપયોગ કરે તેવી શક્યતા નકારી શકાતી નથી. અનુભવના આધારે અને વ્યાપક મળતી માહિતીના આધારે પ્રસ્થાપિત થયેલ છે કે કોમી તંગદીલી ફેલાવે કે કાયદો અને વ્યવસ્થા જોખમાવે કે ચૂંટણી પ્રક્રિયાઓને ખોરંભે પડે તેવા વજુદ વગરના સામાંચારો મોબાઈલ ફોન ના ગ્રુપ/વ્યક્તિગત એસ.એમ.એસ/ એમ.એમ.એસ.સંદેશા વ્યવહારના અન્ય સાધનો દ્વારા પ્રસારિત થાય છે. અને આવા ખોટા સંદેશા વ્યવહારના લોકોમાં આપલે થવાના કાયદો અને વ્યવસ્થા તથા જાહેર સુલેહ શાંતિ જોખમાઈ તેવી સંભાવના રહે છે. મુક્ત ન્યાયી તથા તટસ્થ રીતે ચૂંટણી યોજવાના હેતુથી આવી શક્યતાઓનું તાત્કાલિક અસરકારક નિવારણ કરવું અતિઆવશ્યક અને અનિવાર્ય બનેલ છે. ઉપરોક્ત બાબતો ધ્યાને લઈ અરવલ્લી જીલ્લા કલેકટરશ્રી નરેન્દ્રકુમાર મીનાને ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪ થી મળેલ સત્તાની રૂએ અરવલ્લી જીલ્લાનાં સમગ્ર વિસ્તારમાં નીચે જણાવેલ મુજબના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવ્યો.

**જીલ્લા કલેકટરશ્રી એસ.એમ.એસ., એમ.એમ.એસ., અન્ય કોઈપણ પ્રકારના સંદેશાઓ ૨૫ ડિસેમ્બર સુધી પ્રસારિત કરશે નહિ કે કરવા દેશે નહિ**

પ્રતિબંધિત કૃત્યો મોબાઈલ સર્વિસ આપતી કંપનીઓ જેવી કે, વોડાફોન, બી.એસ.એન.એલ., રિલાયન્સ, ટાટા, એરટેલ, આઈડિયા, વિડીયોકોન, ટેલિનોર, રિલાયન્સ જીયો વગેરે તેમજ ફેસબુક, ટ્વીટર,વ્હોટ્સપ્ વગેરે જેવી સોશિયલ સાઈટ પૂરી પડતી કંપનીઓએ અરવલ્લી જીલ્લાના ચૂંટણી હેઠળના તમામ વિસ્તારમાં પ્રસ્થાપિત કાયદાનો ભંગ થાય તેવા કે ચૂંટણી આદર્શ આચાર સંહિતાનો ભંગ થાય તેવા કે રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા બહાર પાડવામાં આવેલ આદેશો/સુચનાઓનો ભંગ થાય તેવા કે મુક્ત, ન્યાયી અને શાંતિપૂર્ણ ચૂંટણી પ્રક્રિયાને દુષિત કરે તેવા ગ્રુપ/બ્લક એસ.એમ.એસ., એમ.એમ.એસ., અન્ય કોઈપણ પ્રકારના સંદેશાઓ તા.૨૫ ડિસેમ્બર ૨૦૨૧ સુધી પ્રસારિત કરશે નહિ કે કરવા દેશે નહિ, વધુમાં રાજકીય સ્વરૂપના કોઈપણ પ્રકારનાં સંદેશાઓનું પ્રસારણ મતદાન પૂર્ણ થવાના ૪૮ કલાક પહેલા અટેલે કે તા,૧૭ ડિસેમ્બર ૨૦૨૧ના રોજ સાંજના ૧૮.૦૦ કલાકથી તા.૧૯ ડિસેમ્બર ૨૦૨૧ ૧૮.૦૦ કલાક સુધી સંપૂર્ણ પણે પ્રતિબંધ રહેશે. આ હુકમનું ઉલ્લંઘન આઈ.પી.સી. કલમ-૧૮૮ બિનજામીન લાયક ફોજદારી ગુનો છે. આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ -૧૮૮ હેઠળ શિક્ષા પાત્ર થશે. તથા ક્ષેત્રાધિકાર ધરાવતા પો.સબ.ઈન્સ્પેક્ટર દરજ્જાથી ઉતરતા ન હોય તેવા અધિકારીશ્રી ફરિયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે. વધુમાં આવું કૃત્ય સંબંધિત કાયદા હેઠળ શિક્ષાપાત્ર બનશે. આથી કોઈ કંપનીના સંચાલક, કર્મચારી. એજન્ટ કોઈ રાજકીય પક્ષ કે કોઈપણ ઈસમ આ હુકમનું ઉલ્લંઘન કરશે નહિ તમામને નોટીસ બજાવણી શક્ય ન હોય આથી એકતરફી હુકમો કરાયા.